### ભારતીય ડૉક્ટરોની યશકલગીમાં એક વધુ ઉમેરો

# નવી એક્રિલિક આંખ તમારા ચહેરાને નવી સુંદરતા આપશે

■ રમેશ દવે





**પ** ચીસ વરસનાં પિયુષ શાહનો ચહેરો ગમે એટલો નજીકથી જોનાર વ્યક્તિ પણ કહી ન શકે કે એની કઈ આંખ ખોટી છે. પિયુષની જમણી આંખ ખોટી છે. પંદર વરસ પહેલા મિત્રો સાથે ગિલ્લી - દંડા રમતા જમણી આંખ ગુમાવનાર મુંબઈનો આ જુવાનિયો કહે છે કે ક્યારેક મને એમ લાગે છે કે મારી જમણી આંખ ડાબી નોર્મલ આંખ કરતા વધુ સારી લાગે છે.

પિયુષને એની જમણી નવી એક્રિલીકની આંખ વિશે કોઈ બાબત સૌથી વધુ ગમતી હોય તો એ છે કૃત્રિમ આંખની લગભગ સાચી આંખ જેવી મૂવમેન્ટ (હરકત). આ એક્રેલિક આંખ ઓર્ડર પ્રમાણે સિલિકોન પ્રોસ્થેસિસમાંથી બનાવાઈ છે અને સિલિકોન પ્રોસ્થેસિસની કિંમત છે ફક્ત ૧૦૦ રૂપિયા. 'હું હવે મારી આંખ બંધ રાખીને ઊંઘી પણ શકું છું. પહેલા હું જુની પ્લાસ્ટિકની આંખ પહેરીને સૂઈ નહોતો શકતો,' પિયુષ કહે છે.

કૃત્રિમ આંખનો ઉપયોગ તો વરસોથી થતો આવ્યો છે. ઈંગ્લીશ સ્ટોરી બુકસમાં તો એક આંખ કાળા ડાબલાથી ઢાંકેલા ચહેરાવાળો ચાંચિયો હોય જ છે. ભારતીય ક્રિકેટ ટીમના માજી સુકાની મનસૂર અલી ખાન પટૌડીએ એક જ આંખથી સફલ ક્રિકેટ કારકિર્દી ઘડીને 'ટાઈગર'નું બિરુદ મેળવ્યું હતું. તેઓ પણ ડાબી આંખ કાચની પહેરતા.

આનંદની વાત એ છે કે ભારતીય ડોકટરોની એક ટીમે કૃત્રિમ આંખને કુદરતી આંખ જેવી જ બનાવી દઈને થોડા મહિના પહેલા અમેરિકન એકેડેમી ઓફ ઓપ્થાલ્મોલોજીનો એવોર્ડ મેળવ્યો છે.

એક વરસ પહેલા મુંબઈના એક ઓપ્થાલ્મિક - ફેસિયલ પ્લાસ્ટિક સર્જન દેવરાજ શોમે જુની સર્જરી બુકસમાંથી બહુ ઓછી જાણીતી ટેકનીક શોધી કાઢી આંખની કીકીના મસલ્સ એ રીતે ફિક્સ કરવાનું શરૂ કર્યું કે કૃત્રિમ આંખની મૂવમેન્ટ વધુ સારી રીતે થઈ શકે.

દર્દીની આંખને હવે ૮૦% મૂવમેન્ટ મળી શકે છે જે અગાઉની ટેકનીકમાં શક્ય નહોતું એમ ડૉ. શોમ કહે છે. તેઓ વડાલાની આદિત્ય જ્યોત આઈ હોસ્પિટલ અને પરેલની ભાભા મેમોરિયલ હોસ્પિટલ સાથે જોડાયેલા છે.

અત્યાર સુધી એવું હતું કે કૃત્રિમ આંખનું હલનચલન વધુ સારી રીતે થાય એવું ઈચ્છતા દર્દીઓએ રૂ. ૧૬,૦૦૦ ખર્ચીને પોલિથીલીન ઈમ્પ્લાન્ટ કરાવવું પડતું. એની સરખામણીમાં ડૉ. શોમે ડૉ. સંતોષ હોનાવર અને ડૉ. કુલદીપ રાયઝાદા સાથે મળીને શોધી કાઢેલી સર્જરીની નવી ટેકનીકનો ખર્ચ રૂ. ૩૦ થી ૩૫,૦૦૦ આવે છે. આ રકમમાં સર્જરી અને કૃત્રિમ આંખ બનાવવાનો ખર્ચ બન્ને આવી જાય છે.

દસ વરસની રશ્મી ઈંગળે એક આશાસ્પદ સ્વિમર હતી. ત્રણ વરસ પહેલા એને કેન્સરે ઘેરી લીધી. કેન્સરમાં એની જમણી કીકીને અસર થઈ હતી. રોગ વધુ ન પ્રસરે એ માટે એની જમણી આંખ કાઢી લેવાનું વિચારાયું હતું એવી માહિતી એના પિતા વિજયભાઈ આપે છે. તેઓ એટોમિક એનર્જી રેગ્યુલેટરી બોર્ડના કર્મચારી છે.

સપ્ટેમ્બરમાં રશ્મીને મેચિંગ બ્રાઉન આંખ બેસાડાઈ. ત્યાર સુધી એ ડાર્ક બ્લુ શેડવાળી કૃત્રિમ આંખ વાપરતી હતી. આ નવીકૃત્રિમ આંખથી એનામાં ઉત્સાહનો સંચાર થયો છે.

એકદમ સાચી આંખ જેવી લાગતી સિલિકોનની કૃત્રિમ આંખ બેસાડવાના બે તબક્કા છે. પહેલા તબક્કામાં પ્લાસ્ટિક સર્જન પહેલા નુકસાન પામેલી આંખ કાઢી નાખે છે અથવા તો એની સારવાર કરે છે અને ત્યાર બાદ સિલિકોન ઈમ્પ્લાન્ટ કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો ડૉ. શોમ ઈમ્પ્લાન્ટ માટે પરફેક્ટ ગ્રાઉન્ડવર્ક કરતા હોય છે. કેન્સરને કારણે બગડી ગયેલા રશ્મીના ચહેરાને સમરૂપતા આપવા ડૉ. શોએ એના નિતંબમાંથી ચામડી લીધી હતી.

કૃત્રિમ આંખની ડિઝાઈન તૈયાર કરવાની જવાબદારી નિભાવતા ઓક્યુલરિસ્ટનું કામ બીજા તબક્કામાં આવે છે. એ એક્રેલિકની આંખને આકાર આપે છે. મહિનામાં એકવાર મુંબઈ આવતા ઓક્યુલરિસ્ટ ડૉ. રાયઝાદાએ આવી ૭,૦૦૦ કૃત્રિમ આંખ ડિઝાઈન કરી છે. એમના મતે દરેક દર્દી માટે અપનાવાતા વ્યક્તિગત દ્રષ્ટિકોણને લીધે નવી કૃત્રિમ આંખ વધુ સુગમ બની રહે છે.

ડૉ. રાયઝાદા દર્દીની સાચી આંખની સાઈઝ, એમની ચમક અને એની પાતળી લાલ નસોનો ઝીણવટથી અભ્યાસ કરે છે. સિલિકોનની કૃત્રિમ આંખ બેસાડયા બાદ દર્દીને બળતરા થવાની ફરિયાદ એટલી ઓછી રહે છે કે દર્દીએ દિવસમાં એકવારને બદલે મહિનામાં એક વાર જ કૃત્રિમ આંખ કાઢવાની જરૂર પડે છે. ઈમ્પ્લાન્ટની જુની પદ્ધતિમાં આ જ પ્રથા અમલમાં હતી. જો કે ઈમ્પ્લાન્ટની હલનચલન કૃત્રિમ આંખમાં ઉતારી શકાય તો જ આ પ્રકારનું ઓપરેશન સફળ થયું ગણાય. અલબત્ત, દર્દીઓ ખુદ નવી પદ્ધતિના ફાયદા ગણાવતા હોવાથી કૃત્રિમ આંખનો નવો સસ્તો વિકલ્પ ભારતીય ડૉક્ટરોએ દુનિયાને આપેલી એક અમૂલ્ય ભેટ પુરવાર થઈ શકે છે. ✚